આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકીલ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **14-11-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## ચાચાનહેરૂ : જયંતી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નેહરુને તેમની જન્મજયંતિ નિમિત્તે સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે પંડિત જવાહરલાલ નહેરુની ૧૩૫મી જન્મજયંતી નિમિત્તે તેમના તૈલચિત્રને વિધાનસભાના કાર્યકારી સચિવ ચેતન પંડ્યાએ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

તો ભુજમાં ઘટાઉન હોલ પાસે આવેલી નહેરૂજીની પ્રતિમાને હારારોપણનો કાર્યક્રમ ભુજ નગરપાલિકા દ્વારા રાખવામાં આવ્યો હતો. આ નિમિતે ભુજ શહેરના પ્રથમ નાગરિક નગર અધ્યક્ષા રશ્મિબેન સોલંકીએ જણાવ્યું હતું કે, પંડિત જવાહરલાલ નહેરૂને ચાચા નહેરૂ તરીકે લોકો ઓળખતા હતા. તેમણે ગુલાબનું ફુલ અતિ પ્રિય હતું તેઓ હંમેશા

તેમના કોટમાં રાખતા હતા. તેમને બાળકો અતિ પ્રિય હોવાથી ચાચાની જન્મજયંતિ બાળદિન તરીકે ઉજવાય છે તેમ કહ્યું હતું.

**N.P. / જાગૃતિ વકીલ**

-----------------------------------------------------------------------

## વાણિજયમંત્રી : આંતરરાષ્ટ્રીય વ્યપાર મેળો

રાજ્ય સરકારે વાસ્તવિક ખરીદારનાં કિસ્સામાં જિલ્લા અને રાજ્યકક્ષાએ જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરીની દરખાસ્તોની મંજૂરીમાં ઝડપ લાવવાનો નિર્ણય કર્યો છે.

મહેસુલ વિભાગના ઠરાવ મુજબ વાસ્તવિક ખરીદારનાં કિસ્સામાં જમીનનાં મૂલ્યાંકનને આધારે પ્રીમિયમ વસુલાતની વર્તમાન સત્તા સોંપણીમાં ફેરફાર કરીને હવે પાંચ કરોડ રૂપિયા સુધીના જમીનના મૂલ્યાંકન પર પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તા જિલ્લા કલેકટરને સોંપવામાં આવી છે.

સિદ્ધપુરમાં સાપ્તાહિક કાર્તિકી પૂર્ણિમાનાં મેળાનો આજે સાંજે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે વિધિવત્ પ્રારંભ થશે. સિધ્ધપુરની આસપાસના ગામો અને ઉત્તર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લોકો તર્પણ વિધિ માટે ભાગ લેશે. મેળામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેમ જ લોકોને જાહેર સલામતી અને સુરક્ષા મળી રહે તે માટે પોલીસ તંત્રએ નદીના પટમાં, હાઇવે ઉપર અને સિદ્ધપુર શહેરના જુદા જુદા વિસ્તારોમાં કુલ 70 પોલીસ પોઇન્ટ સ્થાપ્યા છે. એક ડીવાયએસપી, પાંચ પીઆઇ, 18 પીએસઆઇ, 250 પોલીસ તેમજ 250 ઉપરાંત હોમગાર્ડ અને જીઆરડીનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે આજે નવી દિલ્લીના ભારત મંડપમ ખાતે 43 માં ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળા -IITFનું ઉદ્ઘાટન કર્યું છે.  જ્યારે ખાણ  ખનીજ મંત્રી જી.કિશન રેડ્ડીએ ખાણ વિભાગની પ્રેક્ષકો માટેની ઈમારતનું પણ ઉદ્ઘાટન કર્યું.

ભારતીય ખરીદ – વેચાણ પ્રોત્સાહન સંસ્થાના જનરલ મેનેજર શંકરાનંદ ભારતી એ જણાવ્યું કે આ વર્ષની વિષયવસ્તુ 2047 સુધીમાં વિકસિત ભારત પર આધારિત છે અને ઝારખંડ આ મેળાનું મુખ્ય કેન્દ્રિત રાજ્ય છે તથા બિહાર અને ઉત્તરપ્રદેશ સહભાગી રાજ્યો છે.14 દિવસ સુધી ચાલનારા આ મેળામાં ચીન, ઇજિપ્ત, ઈરાન, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, તુર્કીયે અને સંયુક્ત આરબ અમીરાત સહિતના દેશો ભાગ લેશે.

**RNU અમદાવાદ**

---

## ભુજ : ખાખી મિશન સેમિનાર (બાઇટ)

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યમાં બેટી બચાવો બેટી પઢાઓ યોજના અમલી છે જે અન્વયે લોકરક્ષક દળ અને પીએસઆઇની તૈયારી કરતી માત્ર મહિલા ઉમેદવારોને શારીરિક અને લેખિત કસોટીનું સંપૂર્ણ માર્ગદર્શન એક જ સ્થળ પર મળી રહે તે હેતુથી મિશન ખાખી સેમિનારનું ફક્ત 200 દિકરીઓ સુધી જ મર્યાદિત હોવાના

કારણે વહેલા તે પહેલાના ધોરણે 16 નવેમ્બર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે. આ અંગે વધુ માહિતી આપતા જિલ્લા મહીલા અને બાળ અધિકારી અવનીબેન રાવલે આ પ્રમાણે જણાવ્યું હતું.

બાઇટ : અવની રાવલ

પરેશ મારૂ

------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં શિયાળાના આગમનના એંધાણ વર્તાઈ રહ્યા છે. છેલ્લા થોડા દિવસોથી કચ્છના વિવિધ મથકો પર મહતમ અને લઘુતમ તાપમાનમાં ક્રમશઃ ઘટાડાનો દોર શરૂ થતાં વાતાવરણીય વિષમતા ઘટી છે. પશ્ચિમ કચ્છના અબડાસા, નખત્રાણા, લખપત ઉપરાંત ભુજ સહિતના વિસ્તારોમાં વહેલી પરોઢે ફુલ ગુલાબી ઠંડીનો પ્રભાવ વર્તાઈ રહ્યો છે. તમામ મથકો પર મહતમ તાપમાનનો આંક ૩૫ ડિગ્રીની આસપાસ રહ્યો છે. હવામાન વિભાગે નવેમ્બર માસના અંતથી શિયાળાની પક્કડ મજબૂત થવાની આગાહી કરી છે.

**N.P. / જાગૃતિ વકીલ**

------------------------------------------------------------------------

## સીસીસી પરીક્ષા

સરકારી ભરતી માટે જરૂરી એવી કોમ્પ્યૂટરની સીસીસીની પરીક્ષા માટે સંબંધિત કર્મચારીઓએ 18મી નવેમ્બર સુધીમાં ફોર્મ ભરવાના રહેશે. સીસીસી,સીસીસી+ની પરીક્ષા માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. સરકારના પરિપત્ર અનુસાર કચ્છમાં 0302-તોલાણી કોમર્સ કોલેજ, આદીપુર પરીક્ષા કેન્દ્ર રહેશે. વધુ માહિતી માટે ભુજ પ્રાદેશિક કેન્દ્ર, લાયબ્રેરી બ્લોક, કચ્છ યુનિવર્સિટી પરીસરમાં સંપર્ક કરવા જણાવાયું છે.

**N.P. / જાગૃતિ વકીલ**

-----------------------------------------------------------------------

## સિદ્ધપુર : કાર્તિકી પૂનમ મેળો

સિદ્ધપુરમાં સાપ્તાહિક કાર્તિકી પૂર્ણિમાનાં મેળાનો આજે સાંજે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે વિધિવત્ પ્રારંભ થશે. સિધ્ધપુરની આસપાસના ગામો અને ઉત્તર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લોકો તર્પણ વિધિ માટે ભાગ લેશે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------